શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત

સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

# પરજીયા પ્રકાશ

લવાજમ દર છુટક કિંમત રૂા. ૧૦/- દેશમાં આજીવન રૂા. ૫૦૧/- વિદેશમાં આજીવન રૂા. ૫૦૦૧/-

PARAJIYA PRAKASH YEAR 65 ISSUE 10-11-12 - OCTOBER-DECEMBER 2024




શ્રી કલ્યાણજીભાઈ હરજીભાઈ ચલ્લા શ્રી શાંતાબેન કલ્યાણજીભાઈ ચલ્લા



"પરજીયા પ્રકાશ" આજીવન નિભાવ ફંડ યોજનાના મુખ્ય દાતા

**આદ્ય તંત્રી :**
સ્વ. દેવાયતભાઈ સોની
**માનદ્ તંત્રી :**
શ્રી નરેન્દ્રભાઈ ધકાણ

**સંપાદક મંડળ :**
શ્રી કાંતિભાઈ ઘઘડા
શ્રી પુનીત ધકાણ
શ્રી દિવ્યેશ વાયા

# :: શુભ લગ્ન પ્રસંગે હાર્દિક શુભેચ્છા ::



શ્રીનાથજીબાવા, શ્રી કુળદેવી માતાજી તથા સુરાપુરા આપા અને વડિલોના આશિર્વાદથી
રાણાવાવ નિવાસી સ્વ. જયાબેન તથા સ્વ. ધીરજલાલભાઇ ભગવાનજી પટ્ટણી (જગડા) અને
સ્વ. મંજુલાબેન તથા શ્રી ધનસુખભાઇ ભગવાનજીભાઇ પટ્ટણી (જગડા)ના સુપૌત્રી તે
શ્રીમતી દક્ષાબેન અજયભાઇ તથા શ્રી અજયભાઇ ધીરજલાલ પટ્ટણી (જગડા)ના સુપુત્રી

## ચિ. ડૉ. ભકિત (M.D.gynec)

ના શુભલગ્ન

## ચિ. ડૉ. હર્ષિલકુમાર (M.D.ortho, D.N.B.)

તેઓ અમદાવાદ નિવાસી ગં.સ્વ. સવિતાબેન તથા
સ્વ. રસીકલાલભાઇ નાનાલાલભાઇ સોની ના સુપૌત્ર તથા
શ્રીમતી ડૉ. મનીષાબેન તથા ડૉ. અમરિશભાઇ રસિકલાલ સોની ના સુપુત્ર સાથે
સંવત ૨૦૮૧ કારતક વદ એકમ ને શનિવાર તા. ૧૬/૧૧/૨૦૨૪ ના શુભ દિને
ચૌકી ઢાણી (કેસર ઢાણી) રિસોર્ટ, રાજકોટ મુકામે આનંદસહ સમ્પન્ન થયેલ છે.
તે શુભ પ્રસંગે નવદંપતિને શુભ આશિષ સહ શુભકામના.....

લી. ભૃગુરાજ અજયભાઇ પટ્ટણી તથા પટ્ટણી પરિવાર, રાણાવાવ
તથા
ડૉ. શાલીન અમરિશભાઇ સોની તથા સોની પરિવાર, અમદાવાદ

આ શુભ લગ્ન પ્રસંગે શ્રી અજયભાઇ ધીરજલાલ પટ્ટણી પરિવાર
તરફથી ખુશી ભેટ રૂા. ૧૧૦૦/- મળેલ છે.

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત
સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

# પરજીયા પ્રકાશ

વર્ષ - ૬૫ | અંક - ૪

## સુવિચાર

- આપણા કર્મોની ભૂલ આપણને કયાં દેખાય છે એટલે જ તો જ્યોતિષને પૂછવું પડે છે કે શું નડે છે ?
- સફળતા ઈચ્છતા હો તો ૩ વાતોનું હંમેશા ધ્યાન રાખો - સંકલ્પ રાખો, પ્રામાણિકતાથી મહેનત કરો અને પોઝીટીવ રહો.
- સમય એને પણ સુધારી દે છે જેને બીજુ કોઈ સુધારી શકતું નથી.
- નવા મિત્રો અને જુના દુશ્મનોથી હંમેશા સાવધાન રહો.
- દર વખતે મૌનનો મતલબ ઘમંડ નથી હોતો. અમુક વખતે મૌનનો મતલબ ધીરજ પણ હોય છે.
- આભાર માનવાવાળો કયારેય ગરીબ નથી હોતો અને ધીરજ રાખવાવાળો કયારેય નિષ્ફળ નથી હોતો.
- ખાલી ડુંગર જ નહિં પણ હવે તો માણસો પણ દુરથી રળિયામણાં લાગે છે.
- જે રૂપીયા માટે વેચાય જાય એને માણસ નહી પણ સામાન કહેવાય.
- થોડું સંભાળીને ચાલજો, કેમકે ઘણા લોકો તમારી એક ભૂલની રાહ જોઈ રહ્યા છે.
- કપાવું, પિસાવું અને નીચોવાવુ એ શેરડીથી વધારે કોણ જાણે છે કે મીઠા હોવાનું કેટલું નુકશાન છે.
- આપેલું વચન અને કામ આવેલા માણસ આ બે વસ્તુને કયારેય જીંદગીમાં ન ભૂલશો.
- મારા  વગર જીવી નહી શકો એવું બોલવાનો હકક માત્ર પૈસાનો છે.
- દિલાસો હોય કે ખુલાસો જો સમય પર અપાય તો જ કામનો.
- ભાગ્ય એટલે શું ? સાચા સમયે અને સાચી જગ્યાએ મળેલો સાચા માણસનો સંગ.

- સંપાદક મંડળ

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર સંચાલિત કોર્પસ ફંડો

**''પરજીયા પ્રકાશ'' નિભાવ ફંડ**

**શુભેચ્છક દાતા**

શ્રી રતિલાલ બાઉભાઈ રાઠોડ પરિવાર (ઉનાવાળા) હાલ યુ.એ.ઈ.

**આર્થિક સહાય અને કેળવણી કોર્પસ ફંડ**

**મુખ્ય દાતાશ્રી**

શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

શ્રી ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

શ્રી ભીમજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

હસ્તે : શ્રી જીવનલાલ ઓધવજીભાઈ વાયા - નાઈરોબી

**આશ્રય દાતાશ્રી**

સ્વ. શ્રી છોટાલાલ દામજીભાઈ વાયા - લંડન હસ્તે : શ્રી રોહિતભાઈ છોટાલાલ વાયા - લંડન

સ્વ. શ્રી કાનજીભાઈ રણછોડભાઈ ઘઘડા અને સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ ઘઘડા

હસ્તે : શ્રી નટવરલાલ કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

શ્રી અશ્વિનકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

શ્રી મનોજકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

સ્વ. શ્રી નંદલાલભાઈ ઘઘડા અને સ્વ. ઉજમબેન નંદલાલ ઘઘડા

હસ્તે : શ્રી છગનલાલ નંદલાલ ઘઘડા (અમરવાળા) શારજાહ

**શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા ''મેડીકલ સહાય ફંડ''**

**મુખ્ય દાતાશ્રી**

શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રીમતી જ્યોત્સનાબેન મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રી ભાસ્કરભાઈ મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રીમતી રક્ષાબેન ભાસ્કરભાઈ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

## પ્રમુખ દાતા

(૧) શ્રી કાંતિલાલ રણછોડદાસ સતિકુંવર તથા શ્રીમતિ ધીરજબેન કાંતિલાલ સતિકુંવર
એડનવાળા (હા. લંડન) તથા તેમની સુપુત્રીઓ
જ્યોત્સનાબેન (શ્રીલેખાબેન) કે. સોની તથા બીનાબેન કે. સોની





જ્યોત્સનાબેન
(શ્રીલેખાબેન) કે.સોની



બીનાબેન
કે. સોની

(૨) ગં. સ્વ. વિજયાબેન નાથાલાલ જીવાભાઈ સાગર – મુંબઈ



હા. શ્રી બીપીનભાઈ નાથાલાલ સાગર
તથા
શ્રી પ્રદિપભાઈ નાથાલાલ સાગર

## આશ્રય દાતા

**સ્વ. શ્રી છોટાલાલ દામજીભાઈ વાયા - લંડન**
હસ્તે : શ્રી રોહિતભાઈ છોટાલાલ વાયા - લંડન

**સ્વ. દુધીબેન દામજીભાઈ દેવજીભાઈ વાયા - નાઈરોબી**
હસ્તે : સ્વ. શ્રી કાનજીભાઈ દામજીભાઈ વાયા - નાઈરોબી

**સ્વ.શ્રી પ્રાગજીભાઈ કલ્યાણજીભાઈ ધાનક તથા**
**સ્વ. કંચનબેન પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)**
હસ્તે : શ્રી હિંમતલાલ પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : શ્રી નવિનચંદ્ર પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : શ્રી અરવિંદભાઈ પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : સ્વ. ઈન્દુબેન કાંતિલાલ ઘઘડા - જામનગર

## સહાયક દાતા

૧) સ્વ.શ્રી જગજીવનભાઈ જેરામભાઈ ઘઘડા તથા
સ્વ. વિલાસબેન ચંદ્રકાન્ત જગજીવનભાઈ ઘઘડા ભાણવડવાળા (હાલ લંડન)
૨) સ્વ. દયાળજીભાઈ દેવરાજભાઈ ઘઘડા (વેરાડવાળા) ના પુણ્ય સ્મરણાર્થે
હ. શ્રી જયંતીલાલ (લંડન), શ્રી કિશોરચંદ્ર (રાજકોટ), શ્રી મહેન્દ્રકુમાર (જામનગર), શ્રી વિનોદરાય (જામનગર)
૩) સ્વ. શ્રી વિરજીભાઈ જેરામભાઈ ઘઘડા પરિવાર
હસ્તે : શ્રી કાલિદાસ વીરજીભાઈ ઘઘડા (નાગેશ્વરવાળા) મુંબઈ/શ્રી ભગવાનજી મોરારજી ઘઘડા (ટુપણીવાળા) દ્વારકા
૪) સ્વ. દામજીભાઈ તુલસીદાસ થડેશ્વર તથા સ્વ. મુકતાબેન દામજીભાઈ થડેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ દામજીભાઈ થડેશ્વર - મુંબઈ તથા શ્રી યશવંતભાઈ દામજીભાઈ થડેશ્વર - મુંબઈ
૫) સ્વ. ભગવાનજીભાઈ તુલસીદાસ થડેશ્વર તથા સ્વ. કાંતાબેન ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) - લંડન
૬) ગં.સ્વ. શાંતાબેન ભગવાનજીભાઈ સાગર (નાંદરખી) હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ ભગવાનજીભાઈ સાગર - લંડન
૭) શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

## શુભેચ્છક દાતા

૧) શ્રી રમણીકલાલ ગોરધનદાસ વાયા - રાણાવાવ
૨) સ્વ. ખીમજીભાઈ ઠાકરશીભાઈ ધાનકના સ્મરણાર્થે
હસ્તે : શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ ધાનક - જામખંભાળીયા (કુવૈત)
૩) સ્વ. પ્રભુદાસ લખુભાઈ ચોકસી - વેરાવળ (શારજાહ)
૪) સ્વ. શ્રી મોહનલાલ નથુભાઈ પટ્ટણી તથા સ્વ. શ્રી કંચનબેન મોહનલાલ પટ્ટણી (લેસ્ટર - યુ.કે.)
૫) સ્વ. વૃજલાલ નાથાલાલ વાયા તથા સ્વ. કાંતાબેન વૃજલાલ વાયાના સ્મરણાર્થે
હસ્તે : શ્રી યોગેશ વૃજલાલ વાયા - જામનગર તથા શ્રી દિપક વૃજલાલ વાયા - રાજકોટ
૬) સ્વ. શ્રી ગોકુલદાસ જમનાદાસ સુરૂ (દાઠાવાળા) મુંબઈ
હસ્તે : ગં. સ્વ. શાંતાબેન ગોકુલદાસ સુરૂ તથા શ્રી અશોકકુમાર ગોકુલદાસ સુરૂ, શ્રી પરેશકુમાર ગોકુલદાસ સુરૂ
૭) સ્વ. અમૃતલાલ વલ્લભદાસ વાયા - દુબઈ (ભીંડાવાળા)
હ. શ્રી મનોજભાઈ, શ્રી મુકુન્દભાઈ, શ્રી ચેતનભાઈ, શ્રી ભાવેશભાઈ
૮) શ્રી હેમરાજભાઈ દેવકરણભાઈ વાયા (વિંઝલપર વાળા) કલબા - શારજાહ
૯) સ્વ. પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)
હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા
૧૦) સ્વ. લાભુબેન નાથાલાલભાઈ ઘઘડા લંડન (દ્વારકાવાળા)
૧૧) સ્વ. મગનલાલ ઓધવજીભાઈ વાયા - નાંદુરી (જામનગર)
૧૨) સ્વ. મગનલાલ મેઘજી ધાણક અને સ્વ. મણીબેન મગનલાલ ધાણક - જેતપુર
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મગનલાલ ધાણક - લંડન

## કન્યા કેળવણીના ફંડના મુખ્ય દાતા

સ્વ. કેશવલાલ મામૈયાભાઈ ચલ્લા તથા સ્વ. જમનાબેન કેશવલાલ ચલ્લા (સરસીયાવાળા)

## કન્યા કેળવણીના શુભેચ્છક દાતા

શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

## ઘઘડા પરિવાર દ્વારા વલસાડ મુકામે યોજાઈ ગયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ

વેરાડ (તા. ભાણવડ) ના સમસ્ત ઘઘડા પરિવારના મોભી સ્વ. શ્રી લાલજીભાઈ દેવજીભાઈ ઘઘડા પરિવારના સમગ્ર પરિવારજનોના પિતૃઓના શ્રેયાર્થે અને પૂ. શ્રી મહાપ્રભુજી અને શ્રીનાથજી બાવાની પ્રેરણાથી તા. ૩-૧૧-૨૦૨૪ થી ૯-૧૧-૨૦૨૪ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાઈ ગયો જેના સમગ્ર આયોજનના અધિકારી સ્વ. શ્રી વીરજી લાલજી ઘઘડા પરિવાર દ્વારા ખૂબજ પ્રસંશનીય આયોજન થયું હતું. આ પરિવારના વલસાડ મુકામે રહેતા શ્રી પ્રદીપભાઈ ગિરધરભાઈ ઘઘડા અને શ્રી રાજેશભાઈ ગિરધરભાઈ ઘઘડા એ છેલ્લા એક વર્ષથી સમગ્ર પ્રસંગના આયોજન માટે તન, મન અને ધનથી આયોજનને ખૂબ સુંદર ઓપ આપ્યો હતો.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ એ આપણા જીવન માટે ખૂબજ અગત્યનું પૂરાણ/ગ્રંથ છે અને પૃષ્ટીમાર્ગના સિધ્ધાંતો મુજબ શ્રી ભાગવતની પોથી ને જ ભગવાન રૂપે માનીને તેની આરાધના, પૂજા અને શ્રવણ વડે સર્વે વૈષ્ણવોનું કલ્યાણ કરવાનો આ એક મહાયજ્ઞ હતો.

ઘઘડા પરિવારના સ્વ. શ્રી વીરજીબાપા, સ્વ. શ્રી મૂળજીબાપા, સ્વ.શ્રી દેવરાજ બાપા અને સ્વ. શ્રી પ્રેમજીબાપાના ચારેય ભાઈઓના સમગ્ર પરિવારજનો આફ્રિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલીયા, દુબઈ અને સમગ્ર દેશમાંથી પધાર્યા હતા અને કથાનો લહાવો લીધો હતો.

કથાના વ્યાસાસને શ્રી શાસ્ત્રીજી હીરેનભાઈ ભટ્ટ (ઉપલેટાવાળા) બિરાજ્યા હતા અને તેમણે પોતાની કાઠિયાવાડી સંગીતમય શૈલીમાં ખૂબજ સુંદર રીતે ભાગવત સપ્તાહનું રસામૃત પિરસ્યુ હતુ અને સૌને સમગ્ર કથામાં જકડી રાખ્યા હતા.

શ્રીમદ્ ભાગવત સપ્તાહના જુદા જુદા દિવસે શ્રી વલ્લભ કુળના પૂ.પા. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, પૂ.શ્રી ૧૦૮ ગોવિંદલાલજી મહારાજ, પૂ.શ્રી ૧૦૮ અનિરૂધ્ધ લાલજી મહારાજ, પૂ. શ્રી ૧૦૮ કનૈયાલાલજી મહોદય પૂ. શ્રી ૧૦૮ રઘુનાથજી મહારાજ, પૂ. શ્રી ૧૦૮ ગોવિંદરાયજી મહોદયશ્રી, પૂ.૧૦૮ શ્રી જયદેવલાલજી મહોદય અને પૂ. ૧૦૮ શ્રી અનન્યકુમારજી એ કથામાં પધરામણી કરીને પ્રસંગને ધન્ય બનાવી પોતાના આર્શીવચન વડે સૌને આશિષ આપ્યા હતા. તા. ૫-૧૧-૨૦૨૪ના શ્રી યમુના મહારાણી ની માળા પહેરામણી અને લોટી ઉત્સવનું આયોજન હતું કે જેના મનોરથી ગૌ.વા. રેણુકાબેન પ્રદિપકુમાર ઘઘડા હતા તે પ્રસંગે જગતગુરૂ પંચમ પીઠાધીશ્વર ગૌ.શ્રી વલ્લભાચાર્યજી મહારાજ કામવન વાળાએ પધરામણી કરી અને સૌને કૃત્કૃત્ય કર્યા હતા.

શાંતિવન-વસીચર (વલસાડ) સ્થળે ખૂબ મોટા ડોમમાં સોફા-વિશાળ પાર્કિંગ અને સંપૂર્ણ એરકૂલર સાથે રમણીય વાતાવરણમાં સર્વે વૈષ્ણવોએ કથા શ્રવણ કરી

ભકિતભાવથી તરબોળ થયા હતા. સગાસ્નેહી સાથે વલસાડના શ્રી પ્રદિપભાઇ અને શ્રી રાજેશભાઇના પરિચિત અને મૂળ વેરાડના નિવાસીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કથા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

સપ્તાહ દરમિયાન રાત્રે બે વખત લોક સંગીતના ડાયરાનું આયોજન થયું હતુ. જેમા પરજીયા સોની જ્ઞાતિના શ્રી સુનિલ સોની અને ગૌરાંગ સોનીએ લોકસંગીતની રસલહાણથી સૌને મઝા કરાવી હતી. બીજા ડાયરામાં શ્રી હરસુરદાન ગઢવી, સુશ્રી અનુપમાબેન રાવલ વિગેરેએ પણ ભજન-કિર્તન, દુહા-છંદ થી સૌને ભાવવિભોર કર્યા હતા. એક દિવસ પુષ્ટી સંપ્રદાયના વલ્લભકુળના બાળકો દ્વારા વૈષ્ણવ કિર્તનના ગાયન અને વાદન પિરસી શાસ્ત્રીય હવેલી સંગીતની મઝા કરાવી હતી. ડાયરા અને સંગીતના આ કાર્યક્રમ બાદ રાત્રે ૧૨-૩૦ કલાકે વેરાડના પ્રખ્યાત ગાંઠિયા અને વલસાડનું ઉંબાડીયુ તો હોય જ. કથા દરમિયાન પણ ચા/કોફી પણ અવિરતપણે બહાર કાઉન્ટરમાં ચાલુ જ હતા.

સમસ્ત મહોત્સવ દરમિયાન કપિલ જન્મ, નૃસિંહ પ્રાકટય, વામન જન્મ, રામ જન્મ, નંદોત્સવ, ગોવર્ધન લીલા અને સુદામા ચરિત્ર અને પરિક્ષિત મોક્ષના પ્રસંગો ખૂબજ ભાવસભર, ભકિતભર્યા વાતાવરણમાં ખુબજ હર્ષોલ્લાસ અને આનંદથી ઉજવાયા હતા.

બહાર ગામથી આવેલા સૌ સગા સ્નેહીઓ માટે ઉતારા માટે ખૂબ જ સુંદર વ્યવસ્થા અન્ય રિસોર્ટમાં રાખવામાં આવી હતી અને ત્યાંથી કથા સ્થળે લઇ આવવા લઇ જવા માટે A/C બસની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

ભાગવત ભગવાનના ઉત્સવ હોય ત્યારે ભકતોને પ્રસાદી રૂપે ભોજનમાં પણ અવનવા મેનુ હતા. કેટરર્સના ખુબ જ સુંદર સ્વાદ સાથે દરેક દિવસે જુદા જુદા મેનુ સાથે મહેમાનોને છપ્પન ભોગ જેવા રસથાળની લહેજત માણવા મળી હતી.

આરંભમાં જ આયોજક શ્રી પ્રદીપભાઇએ અને શ્રી કિરીટભાઇએ સૌને આવકારી સૌના સાથ/હાજરી અને પ્રતિભાવના વખાણ કરી કૌટુંબિક એકતા જાળવવા બદલ પ્રશંસા કરી સનાતન ધર્મને ટકાવવાની અપીલ કરી હતી.

સમગ્ર ભકિતભાવ ભરેલો આ ધાર્મિક ઉત્સવ સંસ્કાર મેળો તો બની જ ગયો હતો પણ કુટુંબના સગા સ્નેહીઓ દેશ વિદેશથી આવ્યા એટલે કુટુંબમેળો પણ બની ગયો હતો.

પરમ પૂજ્ય વલ્લભાચાર્યની આજ્ઞા અને તેમના પુષ્ટીમાર્ગના સંસ્કારોને અનુસરીને ઘઘડા પરિવારે જ્ઞાનયજ્ઞ માણીને પિતૃઓના શ્રેયાર્થે આરાધના અને પૂજા કરીને સંતોષનો ભાવ અનુભવ્યો હતો.

**– કાંતિભાઈ ઘઘડા**

## ભાણવડ વાડી નિભાવ ફંડ

પાંચ વર્ષ પહેલા ભાણવડમાં આપણે વાડી બનાવી અને ૧૯૬૦માં ભાણવડના આંગણેથી અધિવેશન બાદ જ્ઞાતિ પ્રવૃતિનો સંચાર થયો અને રાજકોટ, જામનગર, મહુવા ખાતે બોર્ડિંગો શરૂ થઇ. ભાણવડમાં શરૂ કરવામાં આવેલી સોની કામની હુન્નરશાળા માંથી સંસ્થાઓનો વ્યાપ વધ્યો. સ્વ. દેવાયતભાઇ સોનીના માર્ગદર્શન મુજબ સંસ્થાઓનો વિકાસ થયો અને જ્ઞાતિ પ્રવૃતિ ધમધમતી થઇ.

ભાણવડમાં હાલમાં જ્ઞાતિના ઘર બહુજ ઓછા થઇ ગયા છે પણ જ્ઞાતિ વાડીની સગવડ ઉભી થઇ અને આપણી મિલ્કત ત્યાં ઉભી થઇ એ આપણા માટે ગૌરવરૂપ છે.

ભાણવડમાં અન્ય જ્ઞાતિની વાડીઓ હોવાથી હાલમાં ભાણવડ વાડીના મેઇનટેનન્સ માટે જરૂરી ખર્ચને પહોંચી વળવા થોડી નાણાકીય તકલીફ રહે છે આથી ટ્રસ્ટીમંડળે વાડીના નિભાવ માટે ‘‘નિભાવ ફંડ’’ રચવાનું નકકી કર્યુ.

વલસાડ મુકામે ઘઘડા પરિવાર દ્વારા યોજાયેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં આ નિભાવ ફંડ માટે ઉદાર દિલ દાતાઓનો સંપર્ક કરવામાં આવ્યો અને દાનની સરવાણી શરૂ થઇ ગઇ છે. આ દાનની રકમ ફીકસમાં રાખી તેના વ્યાજમાંથી વાડીનો ચાલુ ખર્ચને પહોંચી વળાશે.

સોની સમાજના ઉદારદિલ દાતાઓને દાન બદલ ધન્યવાદ પાઠવીએ છીએ.

### નિભાવ ફંડના દાનનું લીસ્ટ

| | |
|---|---|
| ૧,૦૧૦૦૦/- | સ્વ. દામજીભાઇ દેવજીભાઇ વાચા પરિવાર (ભાણવડ-નાઇરોબી-લંડન) |
| ૧૦૧૦૦૦/- | સ્વ. ગોવિંદજીભાઇ મુળજીભાઇ ઘઘડા પરિવાર (વેરાડવાળા - હાલ લંડન) |
| ૧૦૧૦૦૦/- | સ્વ. પોપટલાલ વીરજીભાઇ ઘઘડા પરિવાર (વેરાડવાળા - હાલ નાઇરોબી) |
| ૧૦૧૦૦૦/- | સ્વ. દયાળજીભાઇ દેવરાજભાઇ ઘઘડા પરિવાર હસ્તે જયંતિભાઇ - વેરાડવાળા હાલ લંડન |
| ૧૦૧૦૦૦/- | શ્રી અશ્વિનભાઇ મનુભાઇ સાગર પરિવાર (ભાણવડવાળા - હાલ મુંબઇ) |
| ૧૦૧૦૦૦/- | શ્રી બાબુલાલ શામળદાસ ધાનક પરિવાર (સાવલીવાળા - હાલ મુંબઇ) |
| ૫૧૦૦૦/- | સ્વ. રંજનબેન નંદલાલ સાગર પરિવાર (કોડીનાર) |
| ૫૧૦૦૦/- | સ્વ. શાંતિલાલ ચત્રભુજભાઇ સાગર પરિવાર (માધવપુરવાળા - હાલ દુબઇ) |
| ૫૧૦૦૦/- | સ્વ. હીરજીભાઇ વીરજીભાઇ ઘઘડા પરિવાર (વેરાડવાળા-હાલ લંડન) |
| ૫૧૦૦૦/- | સ્વ. નરોતમભાઇ ગોરધનદાસ ધાનક પરિવાર (લાલપુરવાળા-હાલ નાઇરોબી) |
| ૫૧૦૦૦/- | સ્વ. દામજીભાઇ વિરજીભાઇ ઘઘડા પરિવાર (વેરાડવાળા-હાલ લંડન) |
| ૨૫૦૦૦/ | શ્રી ચંદ્રકાન્ત નરસીભાઇ વાચા (ભાણવડ વાળા-હાલ નાઇરોબી) |
| ૧૧૦૦૦/- | સ્વ. અમરશીભાઇ દેવરાજભાઇ ઘઘડા પરિવાર (વેરાડવાળા) |
| ૧૧૦૦૦/- | સ્વ. પ્રાગજીભાઇ કલ્યાણજીભાઇ પરિવાર (હસ્તે - શ્રી હિંમતભાઇ) ભાણવડ - હાલ લેસ્ટર |

INTERNATIONAL DESTINATION

MAURITIUS
Singapore with Bali
MALDIVES
Srilanka
Phuket with Bangkok
Dubai
Singapore - Malaysia - Thailand
Star Cuises
Hongkong - Macau - Shenzhen
Europe
Turkey
Tashkent

DOMESTIC DESTINATION

Kerala
South India
Himachal
Kashmir
Leh-Ladakh
North- East
Uttranchal
GOA



**Western Union** • **Transfast**

Air Ticket ( Domestic and International) - Package Tour ( Domestic and International)
Hotel Booking - Railway e Ticket - Passport - Car rental - Visa - Car Rental

RAJKOT

DREAM Tours & Travels
JIGNESH GHAGHDA
98791 38231
322-RAJ PLAZA, NR. PREMJI VALJI JEWELLERS,
PALACE ROAD, RAJKOT-02 PH.2231038 , 3054214
FAX 2231038 E-MAIL: dreamtours@live.com

JAMNAGAR

Travelmart HOLIDAYS
MEHUL DHAKAN
81280 07777
2-SHIV APARTMENT, 1- PATEL COLONY ROAD NO-1
BEHIND PATEL SAMAJ, JAMNAGAR, GUJARAT-08
EMAIL- travelmart@live.com Ph. +91 288 2755007

# ॥ કુર્યાત સદા મંગલમ્ ॥

## શુભેચ્છા સંદેશ



મુંબઇ નિવાસી શ્રીમતિ ચંદ્રિકાબેન અને શ્રી બાબુભાઇ શામળદાસ ધાનક ના પૌત્ર
શ્રીમતી શ્વેતાબેન અને શ્રી પ્રકાશભાઇ ધાનક ના સુપુત્ર
**ચિ. સાહિલ** ના શુભલગ્ન **ચિ. મુસ્કાન**
શ્રીમતિ ઉર્વિબેન અને શ્રી નૈનેશભાઇ ભાયાણી ની સુપુત્રી સાથે
તા. ૨૦-૧૨-૨૦૨૪ ને શુક્રવારના રોજ જીઓ વર્લ્ડ ખાતે સંપન્ન થયા
તે પ્રસંગે મુંબઇ બોરીવલી વાડી, રાજકોટ મહામંડળ, જામનગર સંસ્થા,
દ્વારકા સોની વાડી અને ભાણવડ સોની વાડી ના સર્વે હોદ્દેદારોએ
નવદંપતિને આશીર્વાદ પત્રિકા અર્પણ કરી સન્માન/શુભેચ્છા આપી
મંગલ અને સુખી લગ્ન જીવનની શુભેચ્છા પાઠવી હતી.

મુંબઇ બોરીવલી વાડી, રાજકોટ મહામંડળ, જામનગર સંસ્થા,
દ્વારકા સોની વાડી અને ભાણવડ સોની વાડી

# ઘઘડા પરિવાર (મુળ વેરાડ) હાલ વલસાડ
# મુકામે યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની
# તસ્વીર ઝલક....













## ઘઘડા પરિવાર (મુળ વેરાડ) હાલ વલસાડ મુકામે યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીર ઝલક....













# ઘઘડા પરિવાર (મુળ વેરાડ) હાલ વલસાડ મુકામે યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીર ઝલક....















## જામનગર સંસ્થામાં યોજાઈ ગયેલ હવનોત્સવ

તા. ૧૧-૧૦-૨૦૨૪ને શુક્રવારના રોજ હવનાષ્ટમીના પુનિત પર્વમાં માતાજીની ભકિત અને આરાધના કરવા માટે જામનગર પરજીયા સોની સમસ્ત જ્ઞાતિ તરફથી સૌના કલ્યાણ અને સુખ સમૃધ્ધિ માટે હવનોત્સવ યોજાઇ ગયો.

દર વર્ષની જેમ જ્ઞાતિજનોના નામનો ડ્રો કરી ડ્રોમાં ચિઠ્ઠી દ્વારા નસીબદાર જ્ઞાતિજનોને હવનની પૂજામાં બેસવાનું મળે તે રીતે ડ્રો કરવામાં આવ્યો અને શ્રી પ્રફુલ્લભાઇ જમનાદાસ ઘઘડાનું નામ નીકળતાં તેમણે પૂજામાં બેસવાનો લાભ લીધો હતો.

બપોરે ૨-૦૦ કલાકે હવનની પૂજા શરૂ થઈ અને બરાબર ૫-૦૦ કલાકે બીડુ હોમાયું હતું અને જ્ઞાતિજનોએ માતાજીના જયઘોષ અને આરતી કરી માતાજીની ભકિતનો લાભ લીધો હતો.

પ્રસાદ વિતરણ બાદ ફરાળી નાસ્તા અને ઠંડા પીણાનું વિતરણ થયું હતું.

યજમાન દંપતિ શ્રી પ્રફુલ્લભાઇ ઘઘડા અને તેમના ધર્મપત્નીનું હારતોરાથી અભિવાદન કારોબારી સભ્યશ્રી રાજુભાઇ ચલ્લા દંપતિએ કરેલ હતું.

આ પ્રસંગે કાર્યક્રમમાં શ્રી હિંમતલાલ પ્રાગજીભાઇ ધાનક અને શ્રીમતી ભાનુબેન હિંમતલાલ ધાનક (લેસ્ટર, યુ.કે) થી ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાની મહેમાનગતિ માણી હતી. કારોબારી સભ્યશ્રી રાજુભાઇ ચલ્લાએ મહેમાન દંપતિનું ફુલહારથી સ્વાગત કર્યુ હતું.

હવનોત્સવ જ્ઞાતિના સહયોગથી કરવામાં આવે છે તેથી આ પ્રસંગે સ્વેચ્છાએ જે જે જ્ઞાતિજનો તરફથી હવનના આયોજન માટે યથાશકિત ફાળો મળેલ છે જેની વિગત અત્રે આપેલ છે.

ભકિતના માહોલ વચ્ચે સૌ જ્ઞાતિજનોએ હળીમળી સંસ્થાની મુલાકાત કરી હતી અને છુટા પડયા હતા.

**– આયોજન સમિતિ**

---

### તા. ૧૧-૧૦-૨૦૨૪ શુક્રવાર આસો સુદ-૮ ના રોજ હવનાષ્ટમી નિમિત્તે હવનમાં હાજર રહેલ જ્ઞાતિજનો/ટ્રસ્ટીઓ/કારોબારી સભ્યો તરફથી મળેલ સહયોગની વિગત

| | |
|---|---|
| રૂા. ૧૦૧૧/- | શ્રી હેમતલાલ પ્રાગજીભાઇ ધાણક (લેસ્ટર) |
| રૂા. ૫૦૧/- | શ્રી પ્રભુદાસ નાથાલાલ ધાણક (જામનગર) |
| રૂા. ૫૦૧/- | શ્રી રજનીકાંત જીવનભાઇ વાયા (જામનગર) |
| રૂા. ૫૦૧/- | શ્રી રતિલાલ જીવનભાઇ વાયા (જામનગર) |
| રૂા. ૫૦૧/- | શ્રી શ્યામ શાંતિભાઇ વાયા (જામનગર) |
| રૂા. ૫૦૦/- | શ્રી પ્રવિણભાઇ શામજીભાઇ ઘઘડા (જામનગર) |
| રૂા. ૫૦૦/- | શ્રી જતીન હેમરાજભાઇ ઘઘડા (જામનગર) |
| રૂા. ૫૦૦/- | શ્રી મગનલાલ મણિલાલ ધકાણ (જામનગર) |
| રૂા. ૫૦૦/- | શ્રી નરેન્દ્રભાઇ રૂગનાથભાઇ ધકાણ (જામનગર) |

| | |
|---|---|
| રૂા. ૨૫૧/- | મયુર નંદલાલ લુહાર - જામનગર |
| રૂા. ૨૫૧/- | શ્રી કાંતિલાલ અમરશી ઘઘડા - જામનગર |
| રૂા. ૨૫૧/- | શ્રી ધનસુખલાલ ભગવાનજી જગડા - જામનગર |
| રૂા. ૨૫૧/- | શ્રી વિનોદરાય દયાળજીભાઈ ઘઘડા - જામનગર |
| રૂા. ૨૫૧/- | શ્રી રાજેન્દ્રકુમાર કાંતિલાલ ચલ્લા - જામનગર |
| રૂા. ૨૫૧/- | શ્રી મનસુખભાઈ નારણભાઈ કાગદડા - જામનગર |
| રૂા. ૨૦૧/- | શ્રી રમેશભાઈ સામતભાઈ ધકાણ - જામનગર |
| રૂા. ૧૫૧/- | શ્રી વિનોદભાઈ મનજીભાઈ વાયા - જામનગર |
| રૂા. ૧૦૧/- | શ્રી જેન્તીલાલ રણછોડભાઈ ચલ્લા - જામનગર |
| રૂા. ૧૦૧/- | શ્રી નવલભાઈ કરશનભાઈ ઘઘડા - જામનગર |
| રૂા. ૧૦૧/- | શ્રી જનકરાય ગોરધનભાઈ ઘઘડા - જામનગર |
| રૂા. ૧૦૧/- | શ્રી ભાસ્કરભાઈ ખીમજીભાઈ ધાણક - જામખંભાળીયા |
| **રૂા. ૭૨૭૬/-** | **કુલ....** |

## દાતા પરિવાર સદસ્યની વિદાય



જામનગર સંસ્થાના મુખ્ય દાતાશ્રી
સ્વ. દામજીભાઈ દેવજીભાઈ વાયા (ભાણવડ-નાઈરોબી)
ના પુત્રી **ઈન્દુબેન જેઠાલાલ પટ્ટણી** એ
તા. ૧૭-૧૧-૨૦૨૪ ના રોજ વિદાય લઈ લીધી છે.

સ્વ. ઈન્દુબેન જામનગર સંસ્થા પ્રત્યે ખુબજ ઉમદા લાગણી ધરાવતા હતા. તેમના પરિવાર દ્વારા સમુહલગ્ન અને કેળવણી રીઝર્વ ફંડમાં રૂા. ૧,૧૧,૧૧૧/- નું દાન મળેલ હતુ જે માટે સંસ્થા તેમની આભારી છે.

સ્વ. ઈન્દુબેનના પરિવારના શ્રી હિમાંશુભાઈ અને શ્રી રવિ પટ્ટણી અને બાળકોનો સમાવેશ થાય છે શ્રી હિમાંશુભાઈ એ પણ જામનગર સંસ્થાની મુલાકાત લીધી હતી અને સંસ્થાની પ્રવૃતિ જાણી સંતોષ પ્રગટ કર્યો હતો.

સ્વ. શ્રી ઈન્દુબેનના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ ખોટ સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના...

**– ટ્રસ્ટી મંડળ**

# સાભાર સ્વીકાર

## " પાળ બાંધી પુન્યની "

- સ્વ. દુધીબેન દામજીભાઈ વાચા ના જીવન દર્શનનું પુસ્તક - સાગરકુમાર બારોટ

સાગરકુમાર બારોટે તો આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી છે પણ તેમની હયાતીમાં તેમણે સ્વ. દુધીબેન દામજીભાઈ વાચા ના જીવનદર્શનની બુક લખવાનું શરૂ કરી દીધુ હતું. જે લગભગ તો સંપુર્ણ થવાને આરે હતુ પણ તેમના સુપુત્રો શ્રી કિરણભાઈ બારોટ અને પરિવારે આ કાર્યને પુર્ણ કરી પુસ્તક વ્યવસ્થિત રીતે પ્રિન્ટ કરાવી જ્ઞાતિ માટે પ્રાપ્ય બનાવી.

તાજેતરમાં શ્રી કિરણભાઈ તરફથી સંસ્થાને આ બુક મળેલ છે. અગાઉની જેમ જ સ્વ. સાગરકુમાર બારોટ પરજીયા સોની શાખની જુદી જુદી ઈતિહાસની બુક તૈયાર કરેલ તે પણ સંસ્થાને મોકલેલ છે જે સંસ્થામાં ઐતિહાસીક દસ્તાવેજ તરીકે સાચવવામાં આવ્યા છે. સાગરકુમારના પરિવારજનોએ આ સાંસ્કૃતિક / ઐતિહાસીક વારસો જાળવી રાખેલ છે.

સ્વ. દુધીબેન દામજીભાઈ વાચા કે જેઓ આ સંસ્થાના દાતા છે અને સાગરકુમારના ગુરૂ સ્વ. શ્રી દામજીભાઈ વાચાના ધર્મપત્ની થાય તે રીતે તેમણે તેમનું ઋણ અદા કરી પોતાની ફરજ બજાવી છે.

પુસ્તકમાં સ્વ. દુધીબેનના પુરા જીવનનું વૃતાંત સારી રીતે વર્ણવેલ છે અને એકદમ રસાળ શૈલી અને ઐતિહાસીક વિગતો સાથે તેમના ધાર્મિક/કૌટુંબિક/સામાજીક જીવનનું દર્શન કરાવેલ છે. જ્ઞાતિ અને સંસ્થા માટે ઉપયોગી અને માર્ગદર્શક અને પ્રેરણાદાયક બની રહેશે એમા શંકાને સ્થાન નથી.

અગાઉના વિવિધ શાખના ઈતિહાસના પુસ્તકોમાં પણ સાગરકુમારે જુદી જુદી શાખાના મહાપુરૂષોના જીવનનું દર્શન કરાવેલ છે અને પરજીયા સોની જ્ઞાતિના ઈતિહાસને તાદ્દશ કર્યો છે.

આજના ડિજીટલ યુગમાં ખુબજ ઝડપી ગતિએ જઈ રહેલા સમયમાં આવનારી પેઢીને પોતાના વડવાઓ વિશે માહિતી મળી રહે એ માટે તેમનો પુરૂષાર્થનું મૂલ્ય ન આંકી શકાય તેવું છે.

ફરી એકવાર સાગરકુમારના પરિવારજનો કે જેમણે આ વારસો જાળવીને પરજીયા સોની જ્ઞાતિ પ્રત્યે પ્રેમ બતાવ્યો છે અને પુસ્તક મોકલ્યું છે એ બદલામાં તેમનો આભાર અને શુભેચ્છા..

**- કાંતિભાઈ ઘઘડા**


॥ જય ગુરૂદેવ ॥
SILVER
સિલ્વર®
ગ્રાહકની સેવામાં
૧૯૮૧ થી
પમ્પસ્ એન્ડ મોટર્સ
સંપૂર્ણ સ્ટેનલેસ સ્ટીલ પમ્પસ્
અમે માનીએ છીએ કે
ટેકનોલોજીનો કોઇ અંત નથી.
સિલ્વર® પમ્પસ્ એન્ડ મોટર્સ
ની સામે બીજું
કંઇ નહી ચાલે...!!
ISO 9001
CERTIFIED
ફરક જાણો
સિલ્વર પમ્પસ્ ના નવા
2 IN 1 S.S. સબમર્સીબલ પમ્પસ્
સાથે બીજી કોઇ પણ પમ્પસ્ના
૫૦ ફુટ પર સ્ટેજ તેમજ
મીક્સફ્લો મોડલ સાથે સરખાવો
અને ફરક જાણો.
New
2 in 1
WORLD CLASS
Design
લો વોલ્ટેજ
માં પણ વધારે પાણી આપતા
પંપોની વિશાળ શ્રેણી
V-4 Fully S.S. Pump
0.50 to 7.50 HP.
Head upto 435 Mtrs.
Discharge upto 160 LPM
V-6 Fully S.S. Pump
3.00 to 35.00 HP.
Neelkanth Art Cell: 94283 40094
In Customers Service
51 Since More Than Years.
SAGAR MACHINERY STORES
SMS
Since: 1964
ઓથો.ડીલરઃ
સાગર
મશીનરી સ્ટોર્સ
શોપ નં.૧/૨, રિધ્ધિ સિધ્ધિ માર્કેટ,
નાગરીક બેંક નીચે, સાવરકુંડલા - ૩૬૪૫૧૫
ફોન : (૦૨૮૪૫) ૨૪૨૯૨૫ / ૨૪૨૩૪
મો. ૯૪૨૬૪ ૩૭૯૬૫

## પરજીયા ગૌરવ - આંતરરાષ્ટ્રીય નેતા સ્વ. પ્રવિણ ગોરધનની વિદાય




સ્વ. પ્રવિણભાઈ જમનાદાસ ગોરધન ધાનક કે જેનો જન્મ ૧૨ એપ્રિલ ૧૯૪૯માં ડરબન (સા.આફ્રિકા)માં થયો હતો અને આપણા ગૌરવ રૂપે સાઉથ આફ્રિકાની સરકારમાં પહેલા નાણા પ્રધાન અને પછીથી જાહેર સાહસોના પ્રધાન તરીકે નિયુકત થયા હતા. તાજેતરમાં ૭૫ વર્ષ પૂરા થયા બાદ ટુંકી બિમારીમાં તેમણે આપણી વચ્ચેથી તા. ૧૩-૯-૨૦૨૪ ના રોજ વિદાય લઈ લીધી છે.

સ્વ. પ્રવિણભાઈને ભારત સરકાર દ્વારા પદ્મવિભુષણનો ઈલ્કાબ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯માં આપવામાં આવેલો અને તે લેવા માટે તેઓ દિલ્હી આવેલા હતા.

મૂળ સતાપર (તા. જામજોધપુર)ના વતની સ્વ. પ્રવિણભાઈ વર્ષોથી સાઉથ આફ્રિકામાં જ હતા. તેમના પિતાશ્રી ત્યાં ગયા બાદ તેઓ ભારત આવી શકયા નથી. નેલશન મંડેલા સાથે આઝાદીની લડતમાં જોડાયા બાદ તેઓ આફ્રિકન નેશનલ પાર્ટીના સક્રિય સભ્ય હતા.

નાણાપ્રધાન બન્યાના સમાચાર મળ્યા બાદ જામનગર સંસ્થા તરફથી તેમને શુભેચ્છાનો ઈમેઈલ કરવામાં આવ્યો તેના જવાબમાં તેમણે આભાર વ્યકત કરી ભવિષ્યમાં ભારતની મુલાકાત લેવાનો ઈરાદો જાહેર કર્યો હતો પણ સતત સક્રિયતાને કારણે તેઓ આવી શકયા ન હતા.

તેઓ ફાર્મસીના રોજ્યુચેર હતા પણ રાજકારણમાં આવી ગયા બાદ પક્ષનું સંગઠન અને સરકારી કાર્યોમાં ખુબજ પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

તેમના અવસાન બાદ સાઉથ આફ્રિકામાં રાષ્ટ્રીય સન્માન સાથે શોક જાહેર કરી તેમના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય લેવલે આટલા ઉચ્ચ દરજ્જે પહોંચનાર સ્વ. પ્રવિણભાઈ ગોરધન પ્રથમ ભારતીય પરજીયા સોની હતા જેની નોંધ લેતા આપણને ગૌરવ થાય છે.

સ્વ. પ્રવિણભાઈના આત્માને માતાજી શાશ્વત શાંતિ આપે અને તેમના કાર્યોની સુવાસ હંમેશા તરોતાજા રહે એવી શુભેચ્છા સહ જય માતાજી....

**- ટ્રસ્ટી મંડળ**

## જ્ઞાતિ ગૌરવ - મોરેશિયસમાં પ્રધાન પદે આપણાં જ્ઞાતિજન શ્રી રાજેશ ભગવાન



શ્રી રાજેશ ભગવાન (સતીકુંવર) જેઓ મોરેશિયસની પાર્લામેન્ટમાં ચુંટાયા છે. તેમણે પર્યાવરણ, સોલીડ વેસ્ટ અને કલાઈમેટ ચેઈન્જના કેબીનેટ મીનીસ્ટર તરીકે તા. ૨૨-૧૧-૨૦૨૪ના રોજ શપથ લીધેલ છે. જે જ્ઞાતિ માટે ગૌરવરૂપ બીના છે.

શ્રી રાજેશ ભગવાન આ પહેલા પણ પાર્લામેન્ટના સભ્ય હતા અને અન્ય ખાતાઓમાં પ્રધાન તરીકે ફરજ બજાવી હતી.

પરજીયા સોની સમાજના આવા ગૌરવવંતા વિરલાઓ આંતરરાષ્ટ્રીય સરકારમાં ફરજ નિભાવી રહ્યા છે એનું આપણને ગૌરવ છે અને તેઓ સારીરીતે સફળતા હાંસલ કરી સમાજની અને પોતાની પ્રતિષ્ઠા વધારે એવી શુભકામના સાથે જય માતાજી...

**- ટ્રસ્ટી મંડળ**

## સુવિચાર

- ઘણી વખત દોડવાથી જે નથી મળતું તે છોડવાથી મળી જાય છે.
- સુદર્શન ચક્ર હોય ત્યારે મોટો ફાયદો એ છે કે તમારી વાંસળી સાંભળવા તૈયાર રહે છે.
- કોઈના ગયા પછી MISS YOU લખવા કરતાં એ જીવતા હોય ત્યારે WITH YOU લખો.
- સાદગી અને પસંદગીમાં ફર્ક છે, સાદગી પસંદ આવે છે પણ પસંદ માં સાદગી જલ્દી દેખાતી નથી.
- કાંઈ જ ના બોલવું એ હાર નહિ પણ સમજણ પણ હોઈ શકે છે.
- ભૂલ અને ઈશ્વર માનો તો જ દેખાય.
- જયારે તમારી અંદરના વિચારો બદલાય છે ત્યારે તમારી બહારની દુનિયા પણ બદલાય છે.
- જે સમજે એને બધા સમજાવે છે બાકી જે ના સમજે એની સાથે બધા એડજસ્ટ થઈ જાય છે.
- કોઈ મતલબ વગર સારા બનો કેમ કે મતલબ માટે તો બધા સારાબને છે.
- વળાંક તો બધાની જીંદગીમાં આવે જ છે પણ કોઈ માટે સબક હોય છે તો કોઈ માટે શરૂઆત હોય છે.

- સંપાદક મંડળ

# ઉજ્જૈન મહાકાલ દર્શન યાત્રા

પરજીયા સોની સમાજ યુ.એ.ઈ. દ્વારા ''ઉજ્જૈન મહાકાલ દર્શન યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪-૦૯-૨૦૨૪ ના સાંજે શારજાહ એરપોર્ટથી યાત્રાનો આરંભ થયો.

સંસ્થાના પ્રમુખશ્રી નટવરલાલ શાંતિલાલ સાગર, ઉપપ્રમુખશ્રી હિરેનભાઈ લલિતભાઈ સાગર, ટ્રસ્ટીશ્રી જમનાદાસ જુઠાલાલ સાગર, ખજાનચીશ્રી નટવરલાલ કાનજીભાઈ ઘઘડા, મહામંત્રીશ્રી અશોકભાઈ જેઠાભાઈ સાગર, કમિટિ મેમ્બર્સ - શ્રી મુકેશભાઈ હેમરાજભાઈ વાચા, શ્રી ઉમેશભાઈ નાનજીભાઈ સાગર, શ્રી હસુભાઈ સલ્લા - કમિટિ મેમ્બર્સ શ્રીમતી હસુમતીબેન રાજુભાઈ ધાણક, શ્રીમતી યોગીનીબેન મયુરભાઈ સાગર ઉપરોકત અગ્રણીઓની અધ્યક્ષતામાં યાત્રાનો પ્રારંભ થયો.

સમાજના ૮૫ (પંચાસી) શ્રદ્ધાળુઓ સામેલ થયા હતા. મહાકાલ શયન આરતી, શ્રીંગાર થાળ, પ્રાતઃ આરતી, કાલભૈરવ ગર્ભગૃહ દર્શન, બડે ગણપતિ શ્રીંગાર આરતી-થાળ, હરસિદ્ધિ માતા સિંગાર આરતી-થાળ તથા તર્પણ અને દેવાસ રોપ-વે થી ચામુંડા માતાજી, મહાકાલ કોરીડોર, વીઆર ભસ્મ આરતી અને ચિંતામણી ગણપતિ દર્શનનો લાભ યાત્રાળુઓને મળ્યો.

ઈન્દોરમાં રહેતા આપણા સમાજના અગ્રણી અને સમાજ કાર્યકરો નિઃસ્વાર્થ ભાવે હંમેશા તત્પર રહેતા શ્રી જીતુભાઈ તથા હુકુમભાઈ (ઈલક સ્વામી ન્યુઝ અને તેમના પરિવારના સભ્યો દ્વારા દરેક શ્રદ્ધાળુઓનું એરપોર્ટ પર ફૂલ-માળા અને સાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું. યુ.એ.ઈ. સોની સમાજ અને એમેઝોન પરિવાર હંમેશા તેમનો આભારી રહેશે.

'ઉજ્જૈન મહાકાલ દર્શન યાત્રા' ના આયોજનમાં એમેઝોન ટ્રાવેલ્સના માલિક શ્રી હસુભાઈ ચલ્લાનો વિશેષ સહયોગ અને યોગદાન રહ્યું. શ્રદ્ધાળુઓની વ્યવસ્થામાં કંઈપણ જાતની ખામી ન રહે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું અને દરેકના ચહેરા ઉપર સંતુષ્ટિનો ભાવ જોવા મળ્યો. ચાર દિવસની આ સફળ યાત્રા જીવનનું સંભારણું બની ગયું. શ્રદ્ધાળુઓ તા. ૧૮-૯-૨૦૨૪ના સવારે શારજાહ એરપોર્ટ પર યાત્રાનો આનંદ લઈ પરત આવી પહોચ્યા સર્વ યાત્રીકોનું સ્વાગત સંસ્થાના મહામંત્રી શ્રી અશોકભાઈ જે. સાગર તથા ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ વાચા દ્વારા ભાવપૂર્વક કરવામાં આવ્યું.

યુ.એ.ઈ. પરજીયા સોની સમાજ સંસ્થા દ્વારા માઁ શકિતની ઉપાસના પર્વ નવરાત્રી (નવ દિવસ)નું આયોજન, દિપાવલી સ્નેહ મિલન, વિદ્યાર્થી સત્કાર સમારંભ, પીકનીક યાત્રા, મેડીકલ સહાય વગેરે અનેકવિધ સમાજલક્ષી કાર્યો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર સમાજને એક તાંતણે જોડી રાખીને સમાજના સુખ દુઃખમાં અને સર્વાંગી વિકાસમાં સહયોગી બની રહેવા સંસ્થા કટીબધ્ધ રહેલ છે.

**અહેવાલ : પ્રમુખશ્રી**
**નટવરલાલ શાંતિલાલ સાગર**

# પ્રેરણા - આશા

એક વૃધ્ધ પોતાના દિકરા સાથે જમવા માટે એક રેસ્ટોરન્ટમાં આવ્યા. બાપ-દિકરો બંને વાતો કરતા કરતા જમી રહ્યા હતા. જમતા-જમતા વૃધ્ધના હાથ ધ્રુજવાથી ટેબલ પર અને એના પોતાના કપડા પર દાળ-શાકના છાંટા ઉડતા હતા અને કપડા ગંદા થતા હતા.

આસ-પાસમાં જમી રહેલા બીજા લોકો આ જોઇને મોઢુ બગાડે પણ દિકરો દરેક વખતે પિતાની સામે જોઇને મધુર સ્મિત આપે. જમવાનું પુરૂ થઇ ગયું ત્યાં સુધીમાં પિતાના હાથ-મોઢુ અને કપડા ગંદા થઇ ગયા હતા.

દિકરો પોતાના પિતાને વોશરૂમમાં લઇ ગયો. ખૂબ પ્રેમથી પિતાના કપડા પરના ડાઘા સાફ કર્યા પછી હાથ અને મોઢુ બરાબર સાફ કરી આપ્યુ. દિકરા સાથે પિતા વોશરૂમની બહાર આવ્યા ત્યારે પિતાનું પેટ તો ભોજનથી ભરાઇ ગયુ હતુ પણ હૃદય પણ દિકરાના પ્રેમથી તૃપ્ત થયુ હતું.

દિકરો બિલ ચૂકવીને ચાલતો થયો એટલે રેસ્ટોરન્ટમાં જમી રહેલા એક બીજા વૃધ્ધે એમને ઉભો રાખ્યો અને કહ્યુ, ‘‘બેટા, તારો આભાર કે તું અહીંયા ભોજન કરી રહેલા દિકરાઓ અને પિતાઓ માટે કંઇક મૂકીને જઇ રહ્યો છે.’’ યુવાને કહ્યુ, ‘‘હું મારી સાથે જે લાવ્યો હતો એ બધુ જ લઇને જઇ રહ્યો છું આપની કંઇક ભૂલ થતી લાગે છે. હું કંઇ મુકીને નથી જતો.’’

વૃધ્ધે ગળગળા થઇને કહ્યુ, ‘‘ના બેટા કોઇ ભુલ નથી થતી તું અહીંયા બેઠેલા દરેક દિકરા માટે ‘પ્રેરણા’ અને દરેક વૃધ્ધ માટે એક ‘આશા’ મુકીને જઇ રહ્યો છે.’’

મિત્રો, માતા-પિતા કે દાદા-દાદીને એનુ પોતાનું શરીર કામ કરવામાં સાથ ન આપે ત્યારે એને આપણા સાથની ખુબ જરૂર હોય છે. આવા સમયે જો આપણે એમની સાથે હોઇએ તો એના અડધા દુઃખ વગર દવાએ જતા રહે.

---

એક કલાકાર હતો. રોજ નાટકમાં કામ કરે.
એક દિવસ એક વ્યકિતએ તેને પૂછયું કે નાટકમાંથી તમે તમારી જિંદગીમાં શું શીખ્યા ? નાટકના એ કલાકારે સરસ વાત કરી. તેણે કહ્યું કે, નાટકમાંથી એક જ વસ્તુ હું શીખ્યો છું કે તમારો રોલ પૂરો થઇ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે....!

આપણે કંઇ છોડતા નથી એટલે જ દુઃખી થઇએ છીએ. આપણને ઘણી વખત ખબર જ નથી પડતી કે આપણો રોલ કયાં પૂરો થાય છે ?

# સંસ્થામાં મેડીકલ ફંડમાં સ્મૃતિદાન

## હૃદયસ્થ શ્રદ્ધાંજલિ



### સ્વ. મંજુલાબેન પ્રદીપભાઈ ધકાણ (મોટી વાવડી)

સ્વ. મંજુલાબેન પ્રદીપભાઇ ધકાણ (મોટી વાવડી) હાલ સુરત ના પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૨૫,૦૦૦/ (પચ્ચીસ હજાર પૂરા) નું દાન મળેલ છે. જે મેડિકલ સહાય ફંડમાં અર્પણ કરેલ છે.

પરિવારજનોએ ચિલાચાલુ રીવાજનો ત્યાગ કરી તેમની ઉત્તરક્રિયા પ્રસંગે સમયને અનુરૂપ સંસ્થાના શિક્ષણ અને મેડીકલ સહાય ફંડમાં દાન આપી એક નવો પ્રશંસનીય અને પ્રેરણારૂપ દાખલો બેસાડયો છે. મુંબઇ, રાજકોટ, સુરત અને જામનગર સંસ્થાને આ રીતે દાન આપી સંસ્થાની પ્રવૃત્તિને વેગ આપી સ્વ. મંજુલાબેનની સ્મૃતિને ચિરંજીવી બનાવી છે.

આવા ઉત્તમ નિર્ણય અને સેવારૂપ સહયોગ બદલ સર્વે પરિવારજનોને ખૂબ ખૂબ અભિનંદન અને આભાર...

**:: યશભાગી કુટુંબીજનો ::**

શ્રી પ્રદીપભાઇ રામભાઇ ધકાણ
શ્રી ગોપાલભાઇ પ્રદીપભાઇ ધકાણ (C.A.)
સાધનાબેન મંથનભાઇ થડેશ્વર
આરતીબેન નિકુંજભાઇ થડેશ્વર
શ્રી જયરાજભાઇ પ્રદીપભાઇ ધકાણ (C.A.)

કુંદનબેન ભુપતભાઇ સાગર
શ્રી મનુભાઇ રામભાઇ ધકાણ
શ્રી કિશોરભાઇ રામભાઇ ધકાણ
ઉષાબેન હરેશકુમાર સાગર
શ્રી હિતેશભાઇ રામભાઇ ધકાણ

સ્વ. રામભાઇ ગીરધરભાઇ ધકાણ (મોટી વાવડી વાળા)
હાલ સુરતના પરિવારજનોના જયશ્રી કૃષ્ણ

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2020-2022
RNI NO. GUJGUJ / 2009 / 29139 કુલ પેઈજ : ૨૪
શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત મુખપત્ર

# એજયુકેશન ફંડના દાતા













# સ્મૃતિ વંદના

શ્રી ગોવિંદભાઈ પી. ઘઘડા  શ્રી વિજયભાઈ પી. ઘઘડા
શ્રી દિપકભાઈ પી. ઘઘડા
(ઉપલેટાવાળા હાલ નાઈરોબી)

**Book Post**

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2020-22
RNI NO. GUJGUJ / 2009 / 29139

To,


- **Editor / Printer & Publisher :**
  Narendra R. Dhakan
- **Published From :**
  Parajiya Prakash karyalaya
  Shree Samast Parajiya Soni Kelvani Mandal
  2-Rajputpara, Nr. Lal Bunglow Circle, Jamnagar - Gujarat
- **Owner :**
  Shree Samast Parajiya Soni Kelvani Mandal
- **Printed at :**
  Shree Ganesh Card
  G-30, Ground Floor, Madhav Darshan Complex,
  Lal Bunglow Road, Jamnagar.


From : **PARAJIYA PRAKASH**
C/o Shri Samast Parajiya Soni Kelavani Mandal
2, Rajputpara, Jamnagar, 1. Mo.: 81539 02827
E-mail : jamsonisamaj@gmail.com